આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૩૨ | ૨૨ જુલાઇ, ૨૦૧૪, મંગળવાર; અષાઢ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

જે માણસની રાત અજંપામાં નિંદર વગરની જતી હોય તેણે પોતાના દિવસનું તટસ્થપણે પૃથ્થકરણ કરવું જોઇએ

- ચંદ્રકાન્ત બક્ષી

# રાજ્યનો સ્ત્રી સાક્ષરતા દર ૭૦.૭૦ ટકાએ પહોંચ્યો

## ડ્રોપ આઉટ રેશિયામાં ધરખમ ઘટાડો : ઉચ્ચ ટેકનીકલ શિક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ

## યુનિવર્સિટીઓની સંખ્યા વધીને ૪૯ની : ડીગ્રી ઈજનેરી સંસ્થાઓની બેઠકોમાં ૧૧ ગણી વૃદ્ધિ

ગાંધીનગર, તા. ૨૧

રાજ્યમાં કન્યા કેળવણીને ઉત્તેજન મળે તેવા હેતુથી છેલ્લા એક દાયકામાં રાજ્ય સરકારે શિક્ષણ ક્ષેત્રે કરેલા અનેક પ્રયાસોના પરિણામે કન્યા કેળવણી ક્ષેત્રે વધતા સ્ત્રી સાક્ષરતાદર ૧૨.૦૯ ટકાનો વધારો થયો છે. વર્ષ ૨૦૦૧ માં સ્ત્રી સાક્ષરતા દર ૫૭.૮૦ ટકા જેટલો હતો. તે વધીને ૭૦.૭૦ ટકાએ પહોંચ્યો છે. રાજ્યનો સ્ત્રી સાક્ષરતા દર રાષ્ટિય સરેરાશ કરતા પણ વધુ છે. દેશનો સ્ત્રી સાક્ષરતા દર વર્ષ ૨૦૧૧માં ૬૫.૫૦ ટકા હતો. જ્યારે રાજ્યનો સાક્ષરતા દર ૭૦.૭૦ ટકા છે. આજે વિધાનસભા ગૃહમાં શિક્ષણ વિભાગની અંદાજપત્રીય જોગવાઈઓની ચર્ચાના પ્રત્યુત્તરમાં શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતુ કે, રાજ્યમાં કન્યા કેળવણીને વેગ આપવા કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (કે.જી.બી.વી.) કાર્યક્રમ અંતર્ગત વર્ષ ૨૦૧૪-૧૫ માં માધ્યમિક શિક્ષણ માટે વધુ ૨૬ કે.જી.બી.વી.ની સુવિધા ઉપલબ્ધ કરાશે.

શિક્ષણ ક્ષેત્રે શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણીની વૃદ્ધિ અને ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવા રાજ્ય સરકારે અમલમાં મુકેલ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમના પરિણામે ધોરણ-૧ થી ધોરણ-૫ ના બાળકોનો ડ્રોપઆઉટ રેશિયો ૨૦.૯૩ ટકાથી ઘટીને વર્ષ ૨૦૧૩-૧૪ માં ૨ ટકા ધોરણ-૧ થી ૮ ના બાળકોનો ડ્રોપઆઉટ રેશિયો ૩૯.૯૨ ટકા ઘટીને વર્ષ ૨૦૧૩-૧૪ માં ૬.૯૧ ટકા સુધી ઘટવા પામ્યો છે. વર્ષ ૨૦૧૧ માં ૭૪ ટકા હતો. જ્યારે ગુજરાતનો સાક્ષરતા દર ૭૯.૩૦ ટકા છે. ગુજરાતનો સાક્ષરતા દર ૨૦૦૧માં ૬૯.૧૦ ટકા હતો તે વધીને ૭૯.૩૦ ટકાનો થતાં સાક્ષરતાદરમાં ૧૦.૨૦ ટકાનો વધારો થયો છે.

સ્ત્રી સાક્ષરતા દર વધે તે માટેના રાજ્ય સરકારના પ્રયાસોના પરિણામે વર્ષ ૨૦૦૧માં ગુજરાતમાં ૩૫ ટકાથી ઓછો સ્ત્રી સાક્ષરતા દર ધરાવતા તાલુકા ૩૫ હજાર જે વર્ષ ૨૦૧૧ માં ઘટીને માત્ર ચાર જ રહ્યો છે. શ્રી ચુડાસમાએ જણાવ્યું હતું કે, આ પ્રક્રિયા હજી પણ આગળ વધે તે માટે ચાલુ વર્ષના અંદાજપત્રમાં રાજ્ય સરકારે કુલ રૂપિયા ૧૨૦ લાખની જોગવાઈ કરી છે. ગુણોત્સવના આયોજન માટે રૂપિયા ૯૦૦ લાખની જોગવાઈ કરી છે. પ્રાથમિક શાળાઓમાં કમ્પ્યુટરની સુવિધા વધારવા સારી કમ્પ્યુટર લેબ ઉભી કરવા રૂપિયા ૯૧૦૦ લાખની જોગવાઈ કરી છે. રાજ્યના આદિજાતિ વિસ્તારમાં ૭૧૦૦ પ્રાથમિક શાળાઓમાં શિક્ષકો અને બાળકોની હાજરીની નિયમિતતા માટે બાયોમેટ્રીક પદ્ધતિથી હાજરી પુરવા રૂપિયા ૩૦૦૦ લાખની જોગવાઈ કરેલ છે.



મેઘધનુષ્યના રંગો ધરતી પર - ચોમાસાનો રંગીન નજારો એટલે રંગબેરંગી છત્રીઓ... આકાશમાંથી આરપાર જોઈ શકાય એવા સફેદ રંગના વરસાદના ફોરામાં રંગબેરંગી છત્રીઓ અનોખો માહોલ સર્જે છે... ઘડીભર તો એમ થાય તો કે મેઘધનુષ્યના રંગો ધરતી પર લાવવાનો માનવનો આ નમ્ર પ્રયાસ છે... ચારેય તરફ પાણી વહેતું હોય, નિરવ શાંતિમાં ખળખળ અવાજ આવતો હોય, ક્યાંક ખાબોચિયા છલકાતા હોય અને માણસની ગતિ નિરવતાને ભેદતી હોય ત્યારે આ રંગીન છત્રી વાતાવરણને એક નવી ચેતના આપે છે...

# કેરોસીનના છૂટક વેચાણકારોના કમિશનમાં ૪૦ પૈસાનો વધારો

ગાંધીનગર, તા. ૨૧

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે રાજ્યમાં કેરોસીનના ૨૨ હજાર ઉપરાંત છૂટક વેચાણકારોને મળતા કમિશનમાં લિટર દીઠ ૪૦ પૈસાનો વધારો કરવાનો નિર્ણય કર્યો છે. હવેથી આ કમિશન લિટર દિઠ ૬૨ પૈસા કરવામાં આવ્યું છે.

રાજ્ય સરકારના પ્રવક્તા આરોગ્ય મંત્રીશ્રી નિતીનભાઈ પટેલે આ નિર્ણયની ભૂમિકા આપતા જણાવ્યું કે, રાજ્યમાં ૧૬૨૯૦ વ્યાજબી ભાવની સરકાર માન્ય દુકાનો, ૪૭૨૭ જેટલા છૂટક કેરોસીન વેચાણકારો અને ૧૯૦૦ ફેરિયાઓને કેરોસીન વેચાણના અપાતા કમિશનમાં વધારો કરવાની લાંબાગાળાની માંગણી સ્વીકારતાં રાજ્ય સરકારે હવેથી આ છૂટક વેચાણકારોને પણ જથ્થાબંધ વેચાણકારો સમકક્ષ એકસમાન વેચાણ કમિશન આપવાનો નિર્ણય કર્યો છે.

તદ્‌અનુસાર, અગાઉ કેરોસીનના છૂટક વેચાણકારોને પ્રતિલિટર અપાતા ૨૨ (બાવીસ) પૈસાના કમિશનમાં ૪૦ પૈસાનો વધારો કરી લિટર દિઠ ૬૨ (બાંસઠ) પૈસા કમિશન ચૂકવાશે.

પ્રવક્તા મંત્રીશ્રીએ ઉમેર્યુ કેકેરોસીનના જથ્થાબંધ વેચાણકારોને (હોલ સેલર્સ)ને અગાઉ અપાતા પ્રતિલિટર ૫૨ (બાવન) પૈસાના કમિશનમાં ૧૦ પૈસાનો વધારો કરી તે પમ હવેથી પ્રતિલિટર ૬૨ (બાસઠ) પૈસા પ્રમાણે અપાશે.



ગણપતિ બાપા મોરિયા - હજુ તો શ્રાણવને એક અઠવાડિયું વાર છે ત્યાં તો ભાદરવા સુદ-૪ની તૈયારીઓ આરંભાઈ છે... ગણપતિ બાપાનો જન્મોત્સવ હવે ગુજરાતમાં ગામે-ગામ અને નગરે-નગરે ધામધુમથી થાય છે... ગણપતિ બાપાની મૂર્તિઓ બનાવવાનો વ્યવસાય છેલ્લા એક મહિનાથી ધમધોકાર ચાલે છે અને હજુ એક મહિનો ચાલશે... વિવિધ મુદ્રાઓમાં ગણપતિની મૂર્તિઓ અમદાવાદના એક જ સ્થળે બની રહી છે...

# માર્ગ નવીનીકરણ માટે કરોડોનો ખર્ચ પણ સ્ટ્રીટલાઈટના કામો અટવાયા..!!

## સ્ટ્રીટલાઈટની કામગીરી માટે ખર્ચની જોગવાઈ ન થતા નવા રસ્તાઓ પર રાત્રિના અંધકાર

ગાંધીનગર, તા.૨૧

શહેરમાં માર્ગ નવીનીકરણના કામો સમાંતર સ્ટ્રીટલાઈટની કામગીરી ન થતા નાગરિકોને હાલાકી વેઠવી પડે છે. રસ્તાના સાથે સ્ટ્રીટલાઈટના કામો માટે ખર્ચની જોગવાઈ ન થતા નવી કામગીરી લાંબા સમયથી ખોરંભે પડી છે. સે-૪-બી તેમજ ઘ-૦ થી ઈન્ફોસીટી લીંક રોડને અનુલક્ષી સ્ટ્રીટલાઈટના પોલ્સ ફીટ કરવાનું કામ પણ વિલંબમાં પડયું છે.

શહેરમાં રોડ નેટવર્કને ચકાચક બનાવવા કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. નગરના મુખ્યમાર્ગો સહિત આંતરિક રસ્તાઓની સુધારણાનું મોટા ભાગનું કામ પૂર્ણ કરી દેવાયું છે. બીજી તરફ શહેરમાં માર્ગ નવીનીકરણની સમાતંર જરૂરી સ્ટ્રીટલાઈટના કામો અટવાઈ પડયા છે. રોડ નેટવર્કના જરુરી કામો દરમિયાન ઈલેકટ્રીકની કામગીરીને અનુલક્ષી ખર્ચની જોગવાઈ ન થતા નવા રસ્તાઓને લઈ સ્ટ્રીટલાઈટના પોલ્સ નાંખવાનું કામ વિલંબમાં પડયું છે. તંત્ર દ્વારા સ્ટ્રીટલાઈટની જરુરી કામગીરી માટે ખર્ચની જોગવાઈ ન થતા લાઈટીંગ પોલ્સના કામો અટવાઈ પડયા છે. શહેરના નવ વિકસિત વિસ્તાર સે-૪-બી તેમજ ઘ-૦ થી ઈન્ફોસીટીના લીંક રોડને અનુલક્ષી સ્ટ્રીટલાઈટનું કામ હજુ બાકી છે. આ ઉપરાંત પોલીસ ભવનથી 'જ' માર્ગ તરફના નવનિર્મિત રસ્તા પર સ્ટ્રીટલાઈટની કામગીરી હજી પૂર્ણ થઈ શકી નથી. શહેરમાં સે-૬ અને સે-૨૩માં પેટ્રોલપંપ પાસેના સર્વિસરોડ ઉપર ત્રણ લાઈટીંગ પોલના અભાવે રાત્રિના અંધકાર છવાયેલો જોવા મળે છે. માર્ગ નવીનીકરણ માટે કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે પરંતુ રસ્તાઓને આનુસાંગિક સુવિધાઓ પુરી પાડવાના મામલે દુર્લક્ષ્ય સેવાઈ રહ્યું છે.

# પ્રતિકૂળ વાતાવરણને કારણે ચિલોડા પંથકમાં ભીંડાનું વાવેતર રોગચાળાના ભરડામાં

## મોંઘીદાટ દવાઓની પણ અસર થતી નથી અને ઉતારો ઓછો આવી રહ્યો છે : વચેટીયાઓ બંને બાજુથી મલાઈ ખાઈ રહ્યા છે

ચિલોડા, તા. ૨૧

ચિલોડા પંથકમાં આ વર્ષે ચોમાસાની સીઝનમાં પ્રતિકૂળ વાતાવરણના કારણે ભીંડા ઉપરાંત અન્ય શાકભાજીના વાવેતરમાં રોગચાળાનો ઉપદ્રવ થતા ખેડૂતો ભારે ચિંતામાં મુકાઈ ગયા છે. ચાલુ વર્ષે ચોમાસુ પાક પેટે આ પંથકમાં ભીંડાનું ભરપુર વાવેતર થયું છે. પરંતુ ભારે ગરમી અને નહીવત્ વરસાદના કારણે આ વાવેતર રોગચાળાનો શિકાર બનતા ખેડૂતોની મુશ્કેલીમાં ભારે વધારો થયો છે. બીજી તરફ જંતુનાશક દવાઓ પણ ખૂબ મોંઘી થતા કિસાનોની પરિસ્થિતિ કફોડી થવા પામી છે. અને આટલી મોંઘીદાટ દવા પણ પ્રતિકૂળ વાતાવરણમાં જોઈએ તેવી અસર નથી કરતી, જેથી પાકનો ઉતારો પણ ઓછો આવી રહ્યો છે.



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)


ભીંડાના પાકમાં હાલ લાલ કથીરી, વાયરલ ઈન્ફેકશન તેમજ અન્ય રોગોથી પાકોને ભારે નુકશાન થઈ રહ્યું છે. અને ચોમાસુ પાક નિષ્ફળ જવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. આ દરમ્યાન આ પરિસ્થિતિને ભાળી જઈને શાકભાજી બજારમાં વચેટીયાઓ ગૃહિણીઓ પાસેથી બમણા ભાવો વસુલ કરી મલાઈ લૂંટી સક્રીય બન્યા છે. વચેટીયાઓ દ્વારા રીટેઈલમાં ઉંચો ભાવ વસુલાતો હોવા છતાં ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળી નથી રહ્યા જેના કારણે ખેડૂતોને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવે તેવી પરિસ્થિતિ પેદા થવા પામી છે. એક તરફ મોંઘુ બિયારણ અને મોંઘી દવાઓ વાપરવા છતાં રોગનો શિકાર બનેલા પાકમાં ઓછો ઉતારો આવવો અને બીજી તરફ બજારમાંથી પણ ઓછો ભાવ મળવાથી કિસાનો નિરાશ થઈ રહ્યા છે. કિસાનોને આ નુકશાનમાંથી સત્વરે ઉગારવા તંત્ર દ્વારા સત્વરે કાર્યવાહી હાથ ધરાય તેવી માંગણી ઉઠવા પામી છે.

# ગયા વર્ષે ૪૫૦ આવાસ ઈન્દિરા આવાસ યોજના અંતર્ગત મંજૂર કરવામાં આવ્યા છે

## જિલ્લાની વાણિજ્ય વેરાની આવક ૮૧૨.૪૮ કરોડ છે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૩-૧૪માં ઈન્દિરા આવાસ યોજના હેઠળ મંજૂર કરેલ આવાસો અંગે ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય શ્રી અશોક પટેલે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં ગ્રામવિકાસ વિભાગના રાજ્યમંત્રીશ્રી કવાડિયાએ જણાવ્યુંછે કે આ યોજના હેઠળ ૪૫૦ આવાસો મંજૂર કરવામાં આવ્યા છે.



વિધાનસભામાં ગાંધીનગર

- પ્રકાશ જહા

પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યું છે કે મંજૂર કરાયેલા આ આવાસો પૈકી ૧૬૨ આવાસો મહિલાઓના નામે મંજૂર કરવામાં આવ્યા છે.

તેમણે અન્ય પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે પતિ-પત્નીના સંયુક્ત નામે ૨૫૨ આવાસો મંજૂર કરવામાં આવ્યા છે.

**● સ્વરોજગાર શિબિરો**

ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરે ૨૦૧૩-૧૪ માં ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા યોજાયેલ સ્વરોજગાર શિબિરો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યું છે કે આવી ૩૦ શિબિરોનું આયોજન કરાયું હતું. આ શિબિરોમાં ૩૧૧૪ ઉમેદવારોએ ભાગ લીધો હતો તેમ પણ પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું.

**● વાણિજ્ય વેરાની આવક**

ગાંધીનગર જિલ્લામાં વાણિજ્યવેરાની ૨૦૧૩-૧૪ માં થયેલ આવક અંગે ભાજપના શ્રી અશોક પટેલે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં નાણામંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૨૦૧૩-૧૪ ના વર્ષમાં રૂ. ૮૧૨.૪૮ કરોડની આવક રાજ્ય સરકારને મળવા પામી છે.

ગાંધીનગર જિલ્લાની સૌથી વધુ આવક આપતી કોમોડીટી ને લઈ પુછેલા એક પૂરક પ્રશ્નના ઉત્તરમાં નાણામંત્રીશ્રીએ જણાવ્યું છે કે આવી પાંચ કોમોડીટી છે.

જેમાં નેચરલ ગેસ, ઓટોમોબાઈલ્સ, આયર્ન એન્ડ સ્ટીલ, પ્લાસ્ટીક આર્ટીકલ્સ અને ઈલેક્ટ્રોનિક્સનો સમાવેશ થાય છે.

**● કર્મચારીઓના પડતર પ્રશ્નો**

વાંસતાના ધારાસભ્યશ્રી છનાભાઈ ચૌધરીએ રાજ્ય સરકારના કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચના લાભ આપવાના પડતર પ્રશ્નો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે આવા ૪ પ્રશ્નો પડતર છે.

● અનુસંધાન પાન-૭ પર

## NEWS બિટ્સ

**● રેલવેમાં ખરાબ ભોજન અપાશે તો ૧ લાખનો દંડ**

રેલવે યાત્રિક અને યાત્રિકોને ભોજન પુરૂ પાડનારા કોન્ટ્રાક્ટરો બંને માટે અનુક્રમે સારો અને ખરાબ નિર્ણય રેલવે મંત્રાલયે લીધો છે. સારો નિર્ણય એ કે રેલવે યાત્રિકોને હવે ફ્રેશ અને પોષક તત્વોથી ભરપુર ભોજન મળશે અને કોન્ટ્રાક્ટરો માટે ખરાબ નિર્ણય એ કે આવું ભોજન પુરૂ પાડવામાં નિષ્ફળ જશે તેને દંડ પેટે ફક્ત પાંચ હજાર રૂપિયા નહીં બલ્કે એક લાખ રૂપિયા ચુકવવા પડશે એટલું જ નહીં વ્યાપક ફરિયાદોના પગલે જે તે કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટથી માંડી આજીવન પ્રતિબંધનો સામનો પણ કરવો પડશે. આ કઠોર કાર્યવાહીનો અમલ ૧ સપ્ટેમ્બરથી જ શરૂ કરી દેવાશે.

**● સુરતના સમુદ્રમાંથી પ્રાચીન મહાનગર મળ્યું**

સુરત શહેરના દરિયાકિનારેથી ૩૦ કી.મી. દૂર ૧૩૦ ફુટ ઉંડાઈએ પાંચ માઈલ લાંબુ અને બે માઈલ પહોળુ શહેર એક સમયે માનવ વસાહતથી ધબકતું હોવાના પ્રતીતિકરણ વૈજ્ઞાનિક સાંયોગીક પુરાવા હાથ લાગ્યા છે. દુનિયાભરના પુરાતત્વવિદો, ઈતિહાસકારો અને યુનિવર્સિટી માટે રસનો વિષય બની રહે એમ હોવાનું શહેરના ઈતિહાસકાર ડૉ. મિતલ ત્રિવેદીએ જણાવ્યું હતું. સુરતના દરિયાના પેટાળમાં મળેલા પ્રાચીન શહેરના અવશેષો દશ હજાર વર્ષ પ્રાચીન હોવાનું અનુમાન વ્યક્ત થઈ રહ્યું છે.

આ સાથે સુરત શહેરની જાહોજલાલી અને વૈભવી માત્ર રાજાશાહીના વખત કે બે-પાંચ સદી પહેલાં જ નહીં પણ હજારો વર્ષ પુર્વે પણ અકબંધ હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. ઈતિહાસના પાનામાં નવા અધ્યાયનો ઉમેરો કરે તેવી બાબત સંશોધન દરમિયાન પ્રકાશમાં આવી છે.

**● મોંઘવારી રોકશે વિદેશી ડુંગળી**

દેશી-મોંઘવારી નાથવા વિદેશથી મોટા પ્રમાણમાં ડુંગળીની આયાત કરી ભારતીય બજારમાં ઠાલવવા કેન્દ્ર સરકારે તૈયારી શરૂ કરી દીધી છે. આગામી મહિનાઓમાં ડુંગળીની જરૂરીયાત અને ઘરેલુ ડુંગળીના પાકને થયેલા નુકસાનને ધ્યાને લઈ કેન્દ્ર સરકારે આવો નિર્ણય કર્યો છે. વડાપ્રધાન કાર્યાલયેથી લીલી ઝંડી મળતા જ આગામી કેટલાક અઠવાડિયામાં જ આયાતી-ડુંગળી દેશી-બજારોમાં પહોંચી જાય તેવી સંભાવના છે. સુત્રોના જણાવ્યા પ્રમાણે આગામી બે મહિનામાં કેન્દ્ર સરકારે લગભગ એક લાખ ટન ડુંગળી આયાત કરવાનો નિર્ણય કર્યો છે.

## જોઈએ છે

સેક્ટર-૪એથી સરગાસણ ચોકડી, ખ-રોડ સુધીની સોસાસટીઓમાં વહેલી પરોઢે પેપર વિતરણ કરી શકે તેવા ઉત્સાહી યુવાન જોઈએ છે. અથવા ઉપરોક્ત પેપર વેચાણથી લેવાની ઈચ્છા ધરાવતા વ્યક્તિઓએ સંપર્ક કરવો.

સંપર્ક : વિપુલ એસ. ક્રિશ્ચિયન મો. ૯૯૨૫૫ ૨૭૬૯૨